NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

Azadi Ka Amrit Mahotsav

**વંચાણમાં: (૦૧)** કુલસચિવશ્રી, નકૃયુ, નવસારીના પત્ર ક્રમાંક: જા.નં. નકૃયુ/રજી/એડીએમ-ર શાખા/૩૭૦૬-૦૮/૨૦૨૨. તા.૨૫/૦૪/૨૦૨૨.

**(૦૨)** રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: કૃયુકા/હિસાબી/૩૦૭/૨૦૨૨. તા.૨૭/૦૪/૨૦૨૨.

**(૦૩)** ગુજરાત સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ગકવ-૧૯૨૦૧૮-૯૯૧-ક.૨ તા.૩૦/૦૫/૨૦૨૨.

**(૦૪)** કુલસચિવશ્રી, નકૃયુ, નવસારીના પત્ર ક્રમાંક: જા.નં. નકૃયુ/રજી/એડીએમ-૩.૨/૫૩૧૮/૨૦૨૨. તા.૦૩/૦૬/૨૦૨૨.

**(૦૫)** આ કચેરીની તા. ૦૬/૦૬/૨૦૨૨ ની નોંધ ઉપર માન. કુલપતિશ્રીની મળેલ મંજૂરી.

## પરિપત્ર

**વિષય:- બિન-શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ /પેન્શનરોના સાતમા પગારપંચના પગાર/પેન્શન તફાવતની રકમની ચુકવણી કરવા બાબત.**

અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, કુલસચિવશ્રીના વંચાણે લીધેલ પત્ર **ક્રમાંક-૧** અને રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદના પત્ર **ક્રમાંક-૨** થી ગુજરાત રાજ્ય સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓના બિન શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ/ પેન્શનરોના સાતમા પગારપંચના પગાર/ પેન્શન તફાવતની રકમની ચુકવણી કરવા અર્થે રજૂઆત કરવામાં આવેલ હતી. જે અન્વયે રજૂઆતને ધ્યાને રાખી ગુજરાત રાજ્ય સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા વંચાણે લીધેલ ઠરાવ **ક્રમાંક -૩** થી સદર તફાવતના ચૂકવણા કરવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. સદર તફાવતની રકમના ચૂકવણાના થનાર ખર્ચ માટે વંચાણે લીધેલ **ક્રમાંક-૫** થી અત્રેની યુનિવર્સિટીના **માન. કુલપતિશ્રી** દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. જે સંદર્ભે યુનિવર્સિટીના બિન-શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ/ પેન્શનરોના સાતમા પગારપંચના પગાર/ પેન્શન તફાવતની રકમની ચુકવણી કરવા નીચેની વિગતો ધ્યાને રાખી અત્રેની કચેરીની તિજોરી વિભાગમાં બીલો રજૂ કરવા જણાવવામાં આવે છે.

### બિન-શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓના સાતમા પગારપંચના પગાર તફાવતના બીલો રજુ કરવા માટે ધ્યાને રાખવાના મુદ્દા :- (તા.૦૧/૦૧/૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ (૧૯-માસ))

(૦૧) સદર તફાવતના બીલો ફક્ત ઓનલાઈન માધ્યમ **(URP સોફ્ટવેર)** દ્વારા જરૂરી આધારો સામેલ રાખી મોકલાવવાના રહેશે.

(૦૨) સદર તફાવતની રકમના બીલનો ખર્ચ યુનિવર્સિટી બજેટ સદર **૦૪૫૦૨/7NTA** હેઠળ ઉગાવવાનો રહેશે.

(૦૩) સદર તફાવતના બીલો ઉક્ત બજેટ સદરે માયનસ ગ્રાન્ટમાં પાસ કરવામાં આવશે. જેથી માઈનસ ગ્રાન્ટમાં બીલો રજુ કરવાના રહેશે. તફાવત બીલો પાસ થયેથી અત્રેની કચેરીને જાણ કરી ગ્રાન્ટના હુકમો મેળવી માઈનસ ગ્રાન્ટ સરભર કરાવી લેવાનું રહેશે.

(૦૪) જે કર્મચારીને સદર સમયગાળા દરમિયાનનું સાતમાં પગારપંચનો તફાવત મળવાપાત્ર છે તેમના **7th Pay**ના સંપૂર્ણ **IFMS** ઓર્ડર અને ઓડીટ માન્ય આધાર (સ્ટીકર) ઓનલાઈન સામેલ રાખવાના રહેશે.

(૦૫) ઉપરોક્ત સમયગાળા દરમ્યાન બઢતી, ઉચ્ચતર કે અન્ય લાભ દ્વારા પગારમાં ફેરફાર થયેલ હોય તો તેને સંલગ્ન તમામ આધારો ઓનલાઈન સામેલ રાખવાના રહેશે.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

(૦૬) યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના બિન શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓને કે.વી.કે.ની ફંડિંગ એજન્સી દ્વારા અગાઉ 7th Pay એરીયર્સનું ચુકવણું કરી દેવામાં આવેલ હોય તેઓનો સમાવેશ સદર ચુકવણામાં કરવાનો રહેશે નહીં તેમજ આ સિવાય અન્ય કોઈ ફંડિંગ એજન્સી દ્વારા સદર એરીયર્સનું ચુકવણું કરવામાં આવેલ હોય તો આવા તફાવતના બીલો પણ રજુ કરવાના રહેશે નહીં. તેમ છતાં જો ચુકવણા અંગે કાર્યવાહી કરવામાં આવે તો તેની સંપૂણ જવાબદારી જે તે કચેરીના બીલ બનાવનાર કર્મચારી તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની રહશે.

(૦૭) બિન શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને સદર સમયગાળા દરમિયાનનું મળવાપાત્ર સાતમાં પગારપંચના તફાવતના બીલ માંથી નિયમોનુસાર કરવાની થતી કપાતો જેવી કે એન.પી.એસ., ઇન્કમ ટેક્ષ કે અન્ય કપાત કરી અત્રેની યુનિવર્સિટીની પ્રથા પ્રમાણે જરૂરી બીડાણો (સ્ટેટમેન્ટ) ઓનલાઈન સામેલ રાખવાના રહેશે.

(૦૮) બિન શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને સદર સમયગાળા કરતા ઓછા સમયગાળાની આકારણી કરવામાં આવેલ હોય તો તેના સંપૂર્ણ આધાર ઓનલાઈન સામેલ રાખવાનું રહેશે.

(૦૯) બિન શૈક્ષણિક સંવર્ગના જે કર્મચારીઓનો રેગુલર પગાર **માહે મે-૨૦૨૨** માં જે કચેરી દ્વારા ચુકવવામાં આવેલ હોય તેઓના તફાવત બીલ તે જ કચેરી દ્વારા રજુ કરવાના રહશે.

(૧૦) નિવૃત્ત થયેલ બિન શૈક્ષણિક સંવર્ગના કર્મચારીને તા.૦૧-૦૧-૧૬ થી તા.૩૧-૦૭-૨૦૧૭ (૧૯-માસ) દરમ્યાનનું રેગ્યુલર કર્મચારી તરીકે તફાવત બીલ બનાવી ચુકવણું કરવાનું થતું હોય તો એવા કેસ માં આવા કર્મચારીનું એરીયર્સ બીલ જે કચેરીએ થી કર્મચારી નિવૃત્ત થયેલ છે એ કચેરીએ બીલ રજુ કરવાનું રહેશે.

(૧૧) સદર તફાવત બીલમાં દર્શાવેલ બિન શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓના 7th Pay એરીયર્સનું ચુકવણું આ અગાઉ કરવામાં આવેલ નથી એ બાબતનું પ્રમાણપત્ર તેમજ તા.૦૧-૦૧-૧૬ થી તા.૩૧-૦૭-૨૦૧૭ સુધી ફરજ બજાવેલ હોઈ તેમજ નિવૃત્ત થયેલ હોય તેવા તમામ કર્મચારીઓની વિગતો જે તે કચેરીના રેકોર્ડ તથા સેવાપોથી સાથે ખરાઈ (જેવી કે બિનપગારી રજા વિગેરે) કરી બરાબર માલુમ પડેલ તે સબબનું પ્રમાણપત્ર ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓએ અલગથી ઓનલાઈન સામેલ રાખવાનું રહેશે.

(૧૨) સદર તફાવત બીલનું ચુકવણું થયેથી જે તે બિન શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓની સેવાપોથીમાં 7th Pay એરીયર્સના ચૂકવણા થયાની નોંધ અવશ્યપણે કરવાની રહેશે.

**બિન-શૈક્ષણિક સંવર્ગના પેન્શનરોના સાતમા પગારપંચના પેન્શન તફાવતના બીલો રજુ કરવા માટે ધ્યાને રાખવાના મુદ્દા :- (તા. ૦૧/૦૧/૨૦૧૬ થી તા. ૩૦/૦૯/૨૦૧૬ (૯-માસ))**

(૦૧) સદર તફાવતની રકમના બીલનો ખર્ચ યુનિવર્સિટી બજેટ સદર **૧૯૦૦૨/7NTA** હેઠળ ઉગાવવાનો રહેશે.

(૦૨) સદર તફાવતના બીલો ઉક્ત બજેટ સદરે માયનસ ગ્રાન્ટમાં પાસ કરવામાં આવશે. જેથી માઈનસ ગ્રાન્ટમાં બીલો રજુ કરવાના રહેશે. તફાવત બીલો પાસ થયેથી અત્રેની કચેરીને જાણ કરી ગ્રાન્ટના હુકમો મેળવી માઈનસ ગ્રાન્ટ સરભર કરાવી લેવાનું રહેશે.

(૦૩) સદર તફાવત બીલમાં દર્શાવેલ બિન શૈક્ષણિક સંવર્ગના પેન્શનરોના તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૦/૦૯/૨૦૧૬ દરમ્યાન 7th Pay એરીયર્સનું ચુકવણું આ અગાઉ કરવામાં આવેલ નથી એ બાબતની યોગ્ય ચકાસણી કરી બીલનું ચુકવણું કરવાનું રહેશે. એક જ પેન્શનરને સદર સમયગાળા દરમ્યાનનું એક કરતા વધુ વખત સાતમા પગારપંચના પેન્શન તફાવતનું ચુકવણું કરવામાં આવશે તો તેની સંપૂણ જવાબદારી જે તે પેન્શન તફાવત બીલ બનાવનાર કર્મચારી તેમજ બીલ પાસ કરનાર વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રીની રહેશે.

**નોંધ:- ઉક્ત તફાવતના બીલો દરેક કચેરીએ તા.૧૫/૦૬/૨૦૨૨ સુધીમાં તેમજ કચેરી પ્રમાણે દરેક કર્મચારીઓના એકીસાથે બીલ રજૂ કરવાના રહેશે. પાર્ટલી બીલ સ્વીકાર્ય રહેશે નહીં.**

**જા.નં. નકૃયુ/હિનિ/બજેટ/૪૧૩૪/૨૦૨૨**
**નવસારી, તા. ૦૭/૦૬/૨૦૨૨**

**હિસાબ નિયામક**

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

**નકલ જયભારત સાથ રવાના ( ઇ-પરિપત્ર દ્વારા ) :-**

(૦૧) સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, ગાંધીનગર તરફ જાણ સારું.

(૦૨) કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.

(૦૩) આ યુનિવર્સિટીની તમામ કચેરીઓના વડાશ્રીઓ અને નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

(૦૪) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.

**નકલ રવાના ( ઇ-પરિપત્ર દ્વારા ) :-**

વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા અમલ થવા સારૂ તેમજ બિન શૈક્ષણિક સંવર્ગના કર્મચારી/ પેન્શનરોના તફાવતની રકમના બીલોના ચુકવણા કરવાની કાર્યવાહી હાથ ધરવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.